પત્રક ભાગ–૩

પંદરમી ગુજરાત વિધાનસભા


# શુક્રવાર, તા.૧૩મી જૂન, ૨૦૨૫

## ૨૫૪. અંદાજ સમિતિની બેઠકઃ

અંદાજ સમિતિની બેઠક મંગળવાર, તા.૦૩/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૧૨–૩૦ કલાકે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં ચોથા માળે આવેલ સમિતિખંડ–૨માં મળી હતી. સમિતિની આ બેઠકમાં સમિતિએ ક્લાઈમેટ ચેન્જ વિભાગના મૂળ સાહિત્યની તા.૨૭/૦૫/૨૦૨૫ના રોજની બેઠકમાં અધૂરી રહેલ તપાસ આગળ હાથ ધરી હતી.

ઉક્ત તપાસ દરમિયાન સમિતિએ વિભાગની સોલર રૂફટોપ યોજનાની અંતર્ગત સોલર લગાડવાની કામગીરી અને તેના મેઈન્ટેનન્સ,ખેતીવાડી માટે અપાતા સોલર કનેક્શન, રીન્યુએબલ એનર્જી પાર્ક, ગ્રીન બિલ્ડીંગ્સ તેમજ ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. સમિતિએ ક્લાઈમેટ ચેન્જની અસરથી દરિયાઈ સ્તર વધવાના કારણે દરિયાકિનારા વાળા ગામડાઓને પડતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરી હતી.

સમિતિની બેઠક બપોરના ૦૧–૩૭ કલાકે પૂરી થઈ હતી.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**

**ચેતન પંડ્યા**
**ઈન્ચાર્જ સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**